



# ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર ખરાખરીનો જંગ

## પાંચ બેઠકો પરના ૪૩ ઉમેદવારોનું ભાવિ નિશ્ચિત થશે : બંને પક્ષોમાં આંતરિક જુથબંધી પરિણામો બદલી નાખશે






ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે તીવ્ર સ્પર્ધા જામી છે અને બંને પક્ષના આગેવાનો વિજયના વિશ્વાસ સાથે દાવાઓ કરી રહ્યા છે.

જો કે જિલ્લાના મતદારો અકળ છે અને ૧૯૯૫ જેવું ભારે મતદાન આ ચૂંટણીમાં થાય તેવું મનાઈ રહ્યું છે. જિલ્લામાં જો કે રાજકીય નિરીક્ષકો એવું માની રહ્યા છે કે વિજયની સરસાઈ બહુ પાતળી હશે.

જિલ્લામાં પાતળી સરસાઈથી જ અત્યાર સુધી ઉમેદવારો વિજયી થયા છે. જો કે જિલ્લામાં યોજાયેલ બંને પેટા ચૂંટણીમાં ઉમેદવારો પાંચ હજાર કરતાં પણ વધુ સરસાઈથી વિજયી થયા હતા.

જિલ્લામાં આમ તો ત્રણ બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામ્યો છે જયારે દહેગામ બેઠક પર ભાજપ કોંગ્રેસ વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર ઉત્તર બેઠક પર પણ કોંગ્રેસ-ભાજપ વચ્ચે જોરદાર ટક્કરના એંધાણ મળી રહ્યા છે. ભાજપે શહેરી વિસ્તારમાંથી વધુ મત મેળવવા માટે ધ્યાન કેન્દ્રીત કર્યું છે તો કોંગ્રેસ પક્ષે પણ ચારે બાજુથી મોરચા ખોલી અને મિત્ર મંડળની રાજનીતિ ખેલી હોવાથી આ જંગ રસપ્રદ બનશે.

માણસા બેઠક પર પણ ત્રિપાંખીયો જંગ છે. જો કે ભાજપમાંથી શ્રી રણછોડભાઈ પટેલ કોંગ્રેસમાં જોડાયા છે તો કોંગ્રેસમાંથી શ્રી ઈશ્વરસિંહ ચાવડા ભાજપમાં જોડાયા છે. માણસા વિધાનસભાની બેઠક પર ગુજરાત પરિવર્તન પાર્ટી પણ મેદાનમાં છે તેથી કોંગ્રેસના અમીત ચૌધરી અને ભાજપના શ્રી ડી.ડી. પટેલ વચ્ચે જંગ ખરાખરીનો જામ્યો છે.

કલોલ બેઠક પર ગુજરાત પરિવર્તન પાર્ટી અને અપક્ષ ઉમેદવારો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને કેટલા નડશે તે તો પરિણામ વખતે જ ખબર પડશે. જો કે કોંગ્રેસના ઉમેદવારનું પલ્લું ભારે બન્યું હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. સોનિયા ગાંધીની અહિં જાહેરસભા બાદ વાતાવરણમાં ભારે બદલાવ જોવા મળી રહ્યો છે. જો કે પરિવર્તન પાર્ટી તરફથી ગોરધનભાઈ ઝડફિયા અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પણ અહીં સભાઓ સંબોધી છે.

ગાંધીનગર ઉત્તર અને કલોલમાં ખુબ જ તીવ્રતાથી રાજકીય સમીકરણો રચાતા હોવાનો નિર્દેશ રાજકીય વર્તુળોમાં છે. જો કે બંને બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો આગળ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જો કે વિજયનો વિશ્વાસ બંને પક્ષના આગેવાનો વ્યકત કરી રહ્યા છે.

ગાંધીનગર દક્ષિણની બેઠક પર પ્રથમવાર ચૂંટણી જંગ ખેલાઈ રહ્યો છે અને અહિં કોંગ્રેસના શ્રી જુગાજી ઠાકોરનું પલ્લુ ભારે જોવા મળી રહ્યું છે. અહિં પરિવર્તન પાર્ટીના ઉમેદવાર પણ મેદાનમાં છે જો કે તેઓ ભાજપના મતો વધુ તોડશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં જે રાજકીય જંગ જામ્યો છે તે જિલ્લાના રાજકીય વાતાવરણમાં નવા સમીકરણો રચશે તેમ મનાઈ રહ્યું છે. આ પાંચેય બેઠકો પર કબ્જો જમાવવા માટે ઉમેદવારો અને કાર્યકરોએ એડી ચોટીનું જોર લગાવ્યું છે. આજે દિવસ દરમિયાન પણ કાર્યકરો સતત દોડધામ કરતા નજરે પડયા હતા.

## વડીલોને વંદન
## અભિનંદન


પ્રિયવદન રમણલાલ શાહ
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૩૪૪૪


બાબુલાલ મંગાજી વણઝારા
(૧૯૪૦) ફોન : ૨૩૨૨૬૬૨૩


વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ
(૧૯૪૫) ફોન : ૨૩૨૨૬૨૫૧

## આ ચૂંટણી શું પરિણામ આપી શકે ?

અમદાવાદ, તા. ૧૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપને જીત અપાવી શકશે કે કેમ તેને લઈને જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. કોંગ્રેસ મોદીને સત્તા પરથી દૂર કરવામાં સફળ રહેશે કે કેમ તેને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. ઉંચા મતદાન બાદ જુદા જુદા ચિત્ર ઉપસી રહ્યા છે. એક અંગ્રેજી અખબારમાં કયા ચિત્રુ ઉપસી શકે છે તે અંગે વાત કરવામાં આવી હતી.

**૯૨ કરતા ઓછી બેઠક**

૯૨ કરતા ઓછી બેઠકની સ્થિતિમાં કોંગ્રેસ સરકારની રચના કરી શકે છે અથવા તો કેશુભાઈ પટેલ મોદીને મુખ્યમંત્રી નહીં બનાવવાની સ્થિતિમાં ભાજપને ટેકો આપી શકે છે. આવી સ્થિતિ મોદી માટે હાર જેવી સ્થિતિ હશે. વિરોધપક્ષોને મોટી તક મળી જશે. ઘણા કાયદાકીય પાસાઓમાં પણ તપાસનો સામનો કરવો પડી શકે છે.

**૯૩થી ૧૦૦ બેઠક**

નર્વસ નાઈન્ટીની આ સ્થિતિ પણ ખતરનાક ઝોન તરીકે રહેશે. આ સ્થિતિમાં પણ મોદીને વધુ સારી રીતે કામ કરવાની તક મળશે નહીં વિરોધપક્ષ મજબુત બની શકે છે. વારંવાર બળવાની સ્થિતિ થઈ શકે છે. આવી બોર્ડર લાઈનની જીતમાં મોદીને ધીરજ સાથે કામગીરી કરવાની ફરજ પડશે.

**૧૦૧થી ૧૧૦ બેઠક**

આ સાદી જીતની સ્થિતિમાં મોદી મુખ્યમંત્રી બનશે અને જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન કરવામાં આવશે. મોદી આ જીતની સ્થિતિમાં આગામી વ્યૂહરચના પર પણ નજર કરશે.

**૧૧૫થી વધુ બેઠક**

આવી ભવ્ય જીતની સ્થિતિમાં તેઓ ટિકાકારોને શાંત પાડી શકશે અને સ્પષ્ટ ઈરાદા સાથે ગુજરાતમાં શાસન કરવાની સ્થિતિ સર્જાશે. સાથે સાથે સંસદીય ચૂંટણીની તૈયારીમાં ભાજપ વ્યસ્ત બનશે. અરૂણ જેટલીને ભાજપ પ્રમુખ બનાવવાની હિલચાલ પણ શરૂ થઈ શકે છે.

## વીડીયોગ્રાફી • અનુસંધાન પાંચમાંનુ ચાલુ

દ્વારા સઘન અને સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ ચૂંટણીમાં કુલ ૯,૯૯,૩૭૫ મતદારો ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. મત ગણતરી આગામી તા. ૨૦મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલ વિનયન અને વાણિજય કોલેજ ખાતે સવારના ૮.૦૦ કલાકે શરૂ થશે. જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણીની માહિતી આપતાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણીમાં કુલ-૯,૯૯,૩૭૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં પુરૂષ મતદારો-૫,૧૭,૦૯૩, સ્ત્રી મતદારો-૪,૮૨,૨૮૨ છે. તે ઉપરાંત મતદારોને મતદાન કરવામાં સરળતા રહે તે માટે ૧૧૫૦ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ચૂંટણીમાં કુલ ૧૨૩૨ ઈ.વી.એમ. મશીનનો ઉપયોગ થશે. જેમાં ૧૧૫૦ ઈવીએમ મશીન મતદાન બુથ પર હશે. ૨૩૦ ઈવીએમ મશીન રીઝર્વ રાખવામાં આવશે. આ ચૂંટણી પ્રક્રિયાની કાર્યવાહી ઝડપી અને સરળ બનાવવા માટે કુલ ૬૪૦૬ જેટલા અધિકારીઓ-કર્મચારીઓ પોતાની ફરજ બજાવશે. તમામ મતદાન બુથ પર મતદાનના દિવસે વિડિયો રેકોર્ડીંગ કરવા માટે ૪૧૭ વિડીયો કેમેરામેન કાર્યરત હશે. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, ૧૫,૪૩૧ પોસ્ટલ બેલેટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. જેમાંથી તા. ૧૪-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ ૧૦,૫૦૮ પોસ્ટલ બેલેટ મળેલ છે. તે ઉપરાંત ૧૨૬ સેક્ટર મેજીસ્ટ્રેટની અને ૧૭૫ માઈક્રો ઓબ્ઝર્વરની પણ નિમણુંક કરવામાં આવી છે. ઈવીએમ મશીનમાં કોઈ ખામી સર્જાય તો તે માટે ઝોનલ ઓફિસરની ગાડીમાં પણ ઈવીએમ મશીન રાખવામાં આવશે, જેથી તરત જ ઈવીએમનું રિપ્લેશમેન્ટ કરી શકાય. જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલે જણાવ્યું હતું કે, મતદાન દિને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૫ ડી.વાય.એસ.પી, ૬-પી.આઈ., ૫૬-પી.એસ.આઈ., પોલીસ કર્મીઓ અને એસ.આર.પી., બી.એસ.એફ. અને સીપીએફની કુલ ૩૧ ટુકડીઓ - સુરક્ષાકર્મીઓ ફરજ બજાવશે. આ ઉપરાંત સાત ફલાઈંગ સ્કવોડ પણ સતત નિરીક્ષણમાં રહેશે.

# સચિવાલય ખાતે ફાઈલોની સાફ-સફાઈ સામે વિરોધ


## મુખ્યસચિવ, રાજયપાલ તેમજ ચૂંટણીપંચને કોંગ્રેસ દ્વારા રજુઆત થશે : મોદી પ્રજાને ગૂમરાહ કરે છે : મોઢવાડિયા

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં પ્રજાના ઊંચા મતદાનથી હલબલી ગયેલી ભાજપની સરકારે સચિવાલયમાં રજાના દિવસ હોવા છતાંયે ફાઈલોની સાફસુફી કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ત્યારે આ બાબતે રાજયના મુખ્યસચિવ, તથા રાજયપાલ અને ચૂંટણી પંચને આ બાબતે તપાસ કરવા અને કંઈ ખોટું ન થાય એ જોવા વિનંતી કરવામાં આવશે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતુ કે પ્રજાને જે રીતે ઉંચું મતદાન થયુ છે એ જોતા લાગે છે કે પ્રજાને દિશા નક્કી કરી લીધી છે. અને ૨૦મીથી દશા બદલવાની છે કરોડો રૂપિયાની ગૌચરની જમીન નજીવી કિંમતે ઉદ્યોગપતિઓને પધરાવી દેવામાં આવી છે તે જમીનો ઉપયોગ થયા વિનાની હશે તે પાછી લેવાની કાર્યવાહી કરવામાં આવશે. ચૂંટણીના છેલ્લા દિવસોમાં સીરક્રીકનો આ પ્રસ્તુત મુદ્દો ઉછાળીને પ્રજાને ભ્રમિત કરવાનો પ્રયાસ કરનાર મુખ્યમંત્રીએ વાઘ આવ્યો રે વાઘ આવ્યોની જેમ પ્રજાને ગેરમાર્ગે દોરવાનો નિંદનીય પ્રયાસ કરી રહ્યા છે તેને પ્રજા સમજી ગઈ છે. તેમની પાસે કોઈ મુદ્દો ન હોવાથી ૧૦૮ની સેવાને પોતાની ગણી રહ્યા છે. કેન્દ્રની નેશનલ હેલ્થ રૂરલ મિશન હેઠળ ૧૦૮ની સેવા માટેનાણાં અપાયા છે અને તેનો વિધાનસભામાં સ્વીકાર પણ કરાયો છે. પ્રજાને ગુમરાહ કરવાની વાત ભાજપને સારી રીતે આવડે છે. વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પાંચ વર્ષ પછી સરપંચ ચૂંટણી લડતો હોય ત્યારે પણ વિકાસના મુદ્દાને લઈને ચૂંટણી લડતા હોય છે. મુખ્યમંત્રી પાસે કોઈ મુદ્દા જ નથી એટલે અપ્રસ્તુત મુદ્દા બનાવી લોકોને ગુમરાહ કરી રહ્યા છે. ભાજપના સ્ટાર પ્રચારકોએ કેશુભાઈને મત આપવો એ ગૌમાસ ખાવા બરાબર છે એવી હલકી ભાષાનો પ્રયોગ કરી પ્રજાની મજાક ઉડાવી છે. ગુજરાતમાં ગૃહણીઓને પાઈપલાઈનથી ગેસ મળે છે અને ડાર્કઝોન હટી ગયો છે એવી તદ્દન પાયા વગરની વાતો કરે છે. સરકારના મંત્રીઓ હારશે એવું દીવાલો પર સ્પષ્ટ લખાયેલું છે એ બતાવે છે કે પ્રજાનો કેટલો આક્રોશ છે.

## શબ્દાવલી - ૪૯૨૩



**આડી ચાવી**

૧. તંદુરસ્તી, તબિયત (૩)
૩. દેશ માટે મરવું તે, શહીદી વહોરવી (૪)
૭. કૂતરો (૨)
૯. પંકજ, કાદવમાં ખીલે તે (૩)
૧૦. સફળને અંગ્રેજીમાં... કહે છે (૬)
૧૩. હાથ વણાટનું જાડુ કાપડ (૨)
૧૫. ખરાબ કાર્યોમાં પ્રખ્યાત (૩)
૧૭. ભારતનો રહેવાસી (૪)
૧૮. ત્વરીત, ઝડપથી (૩)
૨૦. મનાઈ, બંધી (૨)
૨૧. એક મોટું ફળ (૪)
૨૨. મૃત્યુ, મોત (૩)

**ઊભી ચાવી**

૧. રાહત આપવી તે, આથત (૪)
૨. ભપકો, નૂર (૩)
૪. બોલાવવા પાડેલી બૂમ (૩)
૫. શ્વાસનું એક દરદ (૨)
૬. સ્થાનિક, ગામઠી ભાષા (૪)
૮. સૂપ, ટામેટાનો... (૨)
૧૧. સૈન્ય (૨)
૧૨. વરઘોડો (૩)
૧૩. ખેતીમાં... નામે તો પાક સારો થાય (૩)
૧૪. એક દેશ જયાંથી મહેંદી વખણાય (૪)
૧૬. પ્રખ્યાત (૪)
૧૯. ... સ્પર્ધા, તરવાની સ્પર્ધા (૩)

### શબ્દાવલી ૪૯૨૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉત્તરદાયિત્વ (૬) જામ (૭) રિવાજ (૧૧) વીતરાગ (૧૨) મથરાવટી (૧૫) સારૂ (૧૬) ગુમાન (૧૮) રાયણ (૧૯) માણેક (૨૦) વાવણી (૨૧) ટીકડી (૨૨) લબ

**ઊભી ચાવી :-** (૧) ઉતરામણ (૨) રજા (૩) દામ (૪) ત્વરીત (૫) બજગ (૮) વારાપ્રમાણે (૧૦) જૂથ (૧૧) વીટી (૧૩) રાસાયણિક (૧૪) વરૂણ (૧૬) ગુમાવેલ (૧૭) નકલ (૧૮) રાવટી

## એસ.જી.વી.પી. ખાતે ૨૫ થી ૩૧ સુધી સદ્‌ગુરુ વંદના મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

અખંડ ભગવદ્ પૂજયપાદ શ્રી જોગી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં પ.પૂ. ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવ પ્રિયદાસ સ્વામીની અધ્યક્ષતામાં તા. ૨૫થી ૩૧મી ડિસેમ્બર દરમિયાન શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (એસ.જી.વી.પી.) એસ.જી. હાઈવે, છારોડી-અમદાવાદ ખાતે સદ્‌ગુરુ વંદના મહોત્સવ યોજાશે.

સ્વામીનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ ખાતે યોજાનાર સદ્‌ગુરુ વંદના મહોત્સવમાં પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી માધવ પ્રિયદાસ સ્વામી, પૂજ્ય દયાનંદ સરસ્વતી મહારાજ, પૂજ્ય કાર્ષ્ણિ શ્રી ગુરુશરણાનંદ મહારાજ, વિશ્વવંદનીય સંત મોરારીબાપુ, પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, દ્વારકેશલાલજી મહારાજ, યોગાચાર્ય રામદેવજી મહારાજ, અવધેશાનંદ મહારાજ, ચિદાનંદ સરસ્વતી, દેવપ્રસાદ મહારાજ અને કૃષ્ણમણિજી મહારાજ ખાસ હાજર રહેશે અને સદ્‌ગુરુ ગાથામાં પોતાનું વકત્તવ્ય આપશે.

## આંબેડકર ઓપન યુનિ.ના વિવિધ કોર્ષની પ્રવેશ પ્રક્રિયા ૩૧મી સુધી ચાલશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૫માં આવેલી સરકારી વિનયન કોલેજમાં ચાલતા બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્ર નં. ૫૦૧માં સી.સી.સી., બી.પી.પી., બી.એ., એમ.એ. તથા વિવિધ સર્ટિફિકેટ કોર્ષમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે જે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૨ સુધી ચાલશે. કમ્પ્યુટર તથા ગ્રેજયુએશન તથા પોસ્ટ ગ્રેજયુએશનમાં જોડાવા માંગતા વિદ્યાર્થીઓને સત્વરે ફોર્મ ભરીને સંયોજક બી.એ. જાડેજાનો સંપર્ક કરવા જણાવાયું છે.

## પી.કે.ચૌધરી મહિલા કૉલેજ દ્વારા મધુર ડૅરીની અભ્યાસ અર્થે મુલાકાત

ગાંધીનગર, તા. ૧૬

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ્ કૉલેજ ગાંધીનગર હૉમ સાયન્સ વિભાગ દ્વારા અભ્યાસક્રમ હેઠળ મધુર ડૅરી ગાંધીનગરની મુલાકાત ગોઠવાઈ હતી. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રતિમાબેન છનિયારા તથા પ્રા. ચૌધરી સજ્જનબેન, પ્રા. હેમાગિની વાઘેલા દ્વારા થયું હતું. આચાર્યાશ્રી ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ માર્ગદર્શન આપેલ હતું.

